www.kamalamgujarat.com

Monday

16.11.2020

✳Volume :5 ✳ Issue No. 92

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ દિગ્ગજ બંગાળી અભિનેતા સૌમિત્ર ચેટર્જીના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિગ્ગજ બંગાળી અભિનેતા સૌમિત્ર ચેટર્જીના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો હતો. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે "શ્રી સૌમિત્ર ચેટર્જીનું અવસાન સિનેમાની દુનિયા, પશ્ચિમ બંગાળ અને ભારતના સાંસ્કૃતિક જીવન માટે એક મોટી ખોટ છે. પોતાના અભિનય દ્વારા તેમણે બંગાળી સંવેદનાઓ, ભાવનાઓ અને નીતિ નિયમોને મૂર્ત સ્વરૂપ પ્રદાન કર્યું છે. તેમના અવસાનથી અત્યંત દુઃખી છું. તેમના પરિવાર અને પ્રશંસકો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ.

## પ્રધાનમંત્રીએ ભગવાન બિરસા મુંડાને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, "ભગવાન બિરસા મુંડા જીને તેમની જન્મજયંતિ નિમિત્તે શત-શત નમન. તેઓ શોષિત અને વંચિત વર્ગની સુખાકારીના જીવન માટે લડનારા ગરીબોના ખરા મસિહા હતા. સ્વતંત્રતા ચળવળમાં તેમનું યોગદાન અને સામાજિક સંવાદિતા માટેના તેમણે કરેલા પ્રયત્નો દેશવાસીઓને હંમેશા પ્રેરણા આપશે."

## પ્રધાનમંત્રીએ ઝારખંડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડની જનતાને તેમના રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, "ઝારખંડના સ્થાપના દિન નિમિત્તે રાજ્યના તમામ રહેવાસીઓને મારા હૃદયપૂર્વક અભિનંદન. આ પ્રસંગે હું અહીંના તમામ લોકોના સુખ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યની કામના કરું છું."

## વડાપ્રધાનશ્રીના આહવાન ના પગલે ભારતીય સેનાના જવાનો માટે દિવાળી ના દિવસે વિશેષ દીપ પ્રજવલીત કરતા સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ



કમલમ દૈનિક, જામનગર

પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આહવાન ના પગલે ૧ ૨-જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ ભારતીય સેનાના જવાનો ના સમર્થનમાં દિવાળીના દિવસે વિશેષ દીપ પ્રાગટ્ય કર્યુ હતુ તેમજ સાંસદશ્રી પૂનમબેને પ્રધાનમંત્રીશ્રીની અપીલ મુજબ સૌ સમર્થકો-કાર્યકર્તાઓ-સ્નેહીઓ-સ્વજનો-સ્નેહીઓ-પરિચીતો સહિત સૌ નાગરીકોને પણ આ તકે જવાનો માટે આ રીતે વખતોવખત આદરભાવ પ્રગટ કરવા નમ્ર અનુરોધ કર્યો હતો. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ આ તકે જણાવ્યુ છે કે ભારતીય સેનાના વીર જવાનો નિઃસ્વાર્થ ભાવથી આપણા સૌ ની રક્ષા માટે કર્તવ્યનિષ્ઠા સાથે સરહદોની સુરક્ષા માટે રાતદિવસ ખડેપગે રહે છે માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે "એક દીપક જવાનો ના નામે" નુ દિવાળી ના દિવસ માટે આહવાન કર્યુ હતુ. જેના ભાગરૂપે સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ વિશેષ રૂપે જવાનો માટે દિવાળીના દિવસે દીપ પ્રાગટ્ય કર્યુ હતુ.

આ તકે સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ સૌ સૈનિકો અને તેમના પરિવારજનો ને નમન કરી તેઓના ત્યાગ અને સમર્પણ ના ભાવ માટે આપણે સૌ સદાય ઋણી રહેશુ તેમ જણાવ્યુ છે અને સેલ્યુટ ટુ સોલ્જર્સ પાઠવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વર્ષ ૨૦૧૪ થી દરેક દિવાળી ના દિવસે રાષ્ટ્રની જુદી જુદી સરહદે જવાનો સાથે દિવાળી ઉજવે છે અને વિર સૈનીકોનો જુસ્સો વધારે છે આ વખતે દિવાળીના દિવસે સતત છઠ્ઠા વરસે આ વખતે રાજસ્થાનની લોંગેવાલા સરહદ પર તે જ રીતે જવાનો નો જુસ્સો વધાર્યો અને વીરરસ થી સભર સંબોધન કરી સૈનિકો ને બિરદાવી જુસ્સો વધાર્યો હતો અને રાષ્ટ્ર ના સૌ નાગરીકોને સલામતી ની ખાત્રી આપી હતી.

ત્યારે જવાનો માટે દીપ પ્રાગટ્યની પ્રધાનમંત્રીશ્રીની અપીલ સમગ્ર રાષ્ટ્ર એ હોંશે હોંશે તેમજ અનોખા રાષ્ટ્રભાવ અને રાષ્ટ્રભક્તિથી ઝીલી લીધી હતી તેમ પણ સંસદસભ્ય શ્રી પૂનમબેન એ ખાસ ઉમેર્યુ છે.



કમલમ દૈનિક,

જમ્મુ કાશ્મીર ખાતે ભારતીય સેનામાં ફરજ બજાવતા કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના મોટા ભાડીયા ગામના આર્મી જવાન વિરમભાઈ ગઢવી પોતાના પરિવાર સાથે રજા પર જમ્મુથી પરત આવતી વખતે રાજસ્થાન ખાતે માર્ગ અકસ્માતમાં બન્ને પતિ-પત્ની નું દુખદ અવસાન થયું છે, જ્યારે પુત્રનો આબાદ બચાવ થયેલ, પરમ કૃપાળુ પરમાત્મા એમની દિવંગત આત્માને ચિર શાંતિ અને પરિજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ પ્રાર્થના.




કમલમ દૈનિક,

દર વર્ષની માફક રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના પીઢ (૯૩ વર્ષની ઉંમરના) મુરબ્બી શ્રી માધવસિંહજી સોલંકીને મળીને નવા વર્ષની શુભેચ્છા પાઠવી. નવા વર્ષની શુભેચ્છાની સાથે સાથે તેઓશ્રીને સારી તંદુરસ્તી સાથે ૧૦૦ વર્ષ પુરા કરવાની શુભેચ્છા પાઠવતા શ્રી ભુપેન્દ્ર ચુડાસમા.

## પ્રવર્તમાન કોરોના સંક્રમણ પરિસ્થિતીને અનુલક્ષીને મુખ્ય મંત્રીશ્રીનો નૂતન વર્ષાભિનંદન મિલન સમારોહ આ વર્ષે મોકૂફ

**તા.૧૬ નવેમ્બર-૨૦૨૦ના નૂતનવર્ષ દિને મુખ્ય મંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીનો પ્રજાજનો-નાગરિકો સાથે નૂતનવર્ષ શુભેચ્છા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાશે નહિ**




કમલમ દૈનિક,

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના (કોવિડ-૧૯) મહામારીની સર્જાયેલી સ્થિતીને ધ્યાને લઈ આગામી તા.૧૬ નવેમ્બર-૨૦૨૦ના નૂતનવર્ષ દિન નિમિત્તે પ્રજાજનો-નાગરિકો સાથે શુભેચ્છા આદાન-પ્રદાનનો યોજાનારો નૂતન વર્ષાભિનંદન મિલન સમારંભ આ વર્ષે મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મુખ્ય મંત્રીશ્રી દ્વારા દર વર્ષે પ્રજાજનો સાથે નૂતનવર્ષ શુભેચ્છા આદાન-પ્રદાનનો નૂતનવર્ષ દિને યોજાતો પરંપરાગત નૂતન વર્ષાભિનંદન સ્નેહ મિલન સમારોહ આ વર્ષે યોજાશે નહિ. સૌ નાગરિક-ભાઈ બહેનોને આ અંગેની નોંધ લેવા સામાન્ય વહિવટ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી વિક્રમ સંવત ૨૦૭૭નો પ્રારંભ પંચદેવ મંદિર અને ભદ્રકાળી માતાના દર્શનથી કરશે

**તા.૧૬ નવેમ્બર-૨૦૨૦ના નૂતનવર્ષ દિને મુખ્ય મંત્રી શ્રી વિજય ભાઈ રૂપાણીનો પ્રજાજનો-નાગરિકો સાથે નૂતનવર્ષ શુભેચ્છા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાશે નહિ**



કમલમ દૈનિક,

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ સોમવાર ૧૬ નવેમ્બરે વિક્રમ સંવત ૨૦૭૭ના પ્રારંભ દિવસે નૂતન વર્ષનો આરંભ સવારે ૮-૦૦ વાગ્યે ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં પૂજન અર્ચનથી કરશે. મુખ્યમંત્રીશ્રી ત્યાર બાદ સવારે ૯-૦૦ કલાકે અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાના દર્શન પૂજન માટે પણ જશે. મુખ્યમંત્રીશ્રી પરંપરાગત રીતે પ્રતિ વર્ષ નૂતન વર્ષ દિનનો પ્રારંભ પંચદેવ મંદિર અને ભદ્રકાળી માતાના દર્શન પૂજનથી કરે છે. આ પરંપરા તેમણે આ વર્ષે પણ જાળવી રાખી છે



કમલમ દૈનિક,

ટ્રસ્ટના અનેકવિધ વૈવિધ્યસભર પુસ્તકોનાં ભંડાર સાથે વડીલો સાથે પુસ્તકોની સમૃદ્ધ લાયબ્રેરીનો લાભ શહેરીજનો પણ લઈ રહ્યા છે. "સેવા જ પરમો ધર્મ"ના મંત્ર સાથે ટ્રસ્ટ દ્વારા શહેરના અસહાય, નિરાધાર અને વયોવૃદ્ધો માટે નજીવા દરે ટિફિન વ્યવસ્થા કરી માનવતાની મહેક ફેલાવી રહ્યું છે, ત્યારે તમામ ટ્રસ્ટીશ્રીઓને તેમજ સેવા યજ્ઞમાં સેવારૂપી આહુતિ આપનાર સૌ કર્મયોગીના આ ઉમદા કાર્યોને બિરદાવું છું અને દીપાવલી મહાપર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવતા શ્રી જીતુભાઈ વાઘાણી.

## તંત્રી સ્થાનેથી......

ભારતમાં સતત આઠ દિવસમાં દૈનિક ૫૦,૦૦૦થી ઓછા નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ફક્ત ૪૧,૧૦૦ વ્યક્તિઓને કોવિડ ચેપ લાગ્યો છે. દૈનિક નવા કેસ છેલ્લે ૭ નવેમ્બરના રોજ ૫૦ હજારથી વધુ નોંધાયા હતા. મહત્વની ધારણા મુજબ વૈવિધ્યસભર વસ્તી જૂથોમાં કોવિડ યોગ્ય વર્તણૂકના સફળ પ્રસાર ઉપરાંત આ વલણ વ્યાપક છે કારણ કે યુરોપ અને અમેરિકાના ઘણા દેશોમાં તેમની દૈનિક સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતે પણ ૪૨,૧૫૬ સાજા થયેલા કેસની નવી સંખ્યા નોંધાવી હતી જેના પગલે સક્રિય કેસના ભારણમાં વધુ ઘટાડો થયો છે. ભારતમાં હાલમાં ૪,૭૯,૨૧૬ સક્રિય કેસ છે,જે ભારતમાં કુલ પોઝિટિવ કેસના માત્ર ૫.૪૪% છે. ૧૫ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારત કરતા પ્રત્યેક દસ લાખની વસ્તીએ ઓછા (૬,૩૮૭) કેસ છે. દર ૨૪-કલાકના ચક્રમાં નવા કેસની સરખામણીએ સાજા થયેલા કેસની સંખ્યા વધુ છે પરિણામે સાજા થવાના દરમાં સુધારો થયો છે અને તે આજે ૯૩.૦૯% થયો છે. કુલ સાજા થયેલા કેસ ૮૨,૦૫,૭૨૮ થઈ ગયા છે. સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર હાલમાં સતત વધી રહ્યું છે જે ૭૭,૨૬,૫૧૨ છે. નવા સાજા થયેલા કેસોમાંથી દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોએ ૭૯.૯૧% ફાળો આપ્યો છે. કોવિડમાંથી ૭,૧૧૭ વ્યક્તિઓ સ્વસ્થ થતાં દિલ્હીમાં સૌથી વધુ સાજા થયેલા કેસની સંખ્યા જોવા મળી. કેરળમાં ૬,૭૯૩ દૈનિક રિકવરી નોંધાઈ છે જ્યારે પશ્ચિમ બંગાળમાં ૪,૪૭૯ નવી રિકવરી નોંધાઈ છે. દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોએ નવા કેસમાંથી ૮૨.૮૭% ફાળો આપ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૭,૩૪૦ કેસ નોંધાયા છે. ગઈકાલે કેરળમાં ૬,૩૫૭ નવા કેસ નોંધાયા છે જ્યારે મહારાષ્ટ્રમાં ૪,૨૩૭ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા ૪૪૭ મૃત્યુઆંકમાંથી ૮૫.૦૧% મૃત્યુ દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશના છે. અહેવાલ મુજબ નવા મૃત્યુઆંકમાંથી ૨૩.૫% મહારાષ્ટ્રની છે જેમાં ૧૦૫ લોકોનાં મોત નીપજ્યાં છે. દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૯૬ અને ૫૩ નવા મૃત્યુ થયા છે. ૨૧ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશ ૯૪ની સરખામણીએ પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુ ઓછા છે.

# રાહેલ બા મગોડી વૃદ્ધાશ્રમ માં ઈન્ડિયન લાયન્સ ગાંધીનગરે દિવાળી વૃદ્ધો સાથે ઉજવી







કમલમ દૈનિક,

દિવાળી નિમિતે ઇંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા દિવાળી ના રોજ સવારે બાળકો માટે સેક્ટર ૨૪ અને સેક્ટર ૧૩ ની ગરીબ વસાહત ના બાળકો સાથે બાલ દિવસ નિમિતે મીઠાઈ અને ફૂલઝડી વહેંચી સવારે દીવાળી ઉજવી અને સાંજે ૬ વાગ્યે મગોડી ખાતે આવેલા રાહેલ બા વૃદ્ધા શ્રમ માં વૃદ્ધો સાથે કાર્યક્રમ કરી દીવાળી ઇંડિયન લાયન્સ ગાંધીનગર ના નેશનલ ચીફ પેટર્ન શ્રી હિતેશ પંડ્યા સાહેબ, ચેર પર્સન શ્રીમતી આશા બેન પંડયા, પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ, ઉપ પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ, શ્રી મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ, દ્વારા વૃધ્ધો ને ગરમ સ્વેટર નું વિતરણ કરી તેઓ સાથે ભોજન લઈ દિવાળી ઉજવી હતી, આ પ્રસંગે કાર્યક્રમ નું સંચાલન શ્રી સંજીવ યાદવ કોષાધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતું,

સૌ પ્રથમ રાષ્ટ્ર ગાન વંદે માતરમ્ સમૂહ ગાન કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો, આ પ્રસંગે શ્રી હિતેશ પંડ્યા સાહેબ દ્વારા વૃદ્ધો દિવાળી ની શુભ કામના ઓ પાઠવવામાં આવી હતી અને શ્રીમતી આશા બેન પંડયા દ્વારા બહેનો ને સમ્માનિત કરી તેઓને દિવાળી ની શુભેછા પાઠવી હતી, આત્મીયતા થી તેઓ બહેનો ને મળ્યા હતા.

આ પ્રસંગે ઉપ પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા તમામ ઉપસ્થિત મહેમાનો નું શબ્દો થી સ્વાગત કર્યું હતું આ કાર્યક્રમ માં વૃદ્ધા શ્રમ ના સ્થાપક નિર્મળા બેન નું ફૂલ માળા થી શ્રીમતી વિમલા બેન કે પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, સંસ્થા ના સંચાલક શ્રી જશુ ભાઈ ઝાલા નું સન્માન કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ નું ફૂલ માળા થી સન્માન શ્રી મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું અને શ્રી હિતેશ પંડ્યા સાહેબ નું સન્માન પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ દ્વારા ફૂલ માળા અર્પણ કરી કરવામાં આવ્યું હતું અને આશા બેન પંડયા નું સન્માન ફૂલ માળા થી શ્રીમતી વિમલા બેન કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, સેક્રેટરી શ્રીમતી મનીષા બેન ગોહિલ નું સન્માન પણ ફૂલમાળા થી વિમલા બેન કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ઉપ પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા પ્રસંગ ને અનુરૂપ વૃદ્ધા શ્રમ ઊભા થવાના કારણો વિશે લોકો ને માહિતગાર કર્યા હતા, શ્રી યોગી રામદાસ દ્વારા રામ સીતા ના વનવાસ થી લઈને રાવણ ને હરાવી અયોધ્યા પરત ફર્યા હતા ત્યારે પ્રજા દ્વારા દિવાળી ઉજવવામાં આવી હતી એટલે કે ઘેર ઘેર દિપ જ્યોતિ જલાવી પ્રકાશની રોશની કરી સીતા રામ અને લક્ષ્મણ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારથી આ દિવાળી ઉજવાય છે તેનું સુંદર વર્ણન કર્યું હતું સંસ્થા ના પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ દ્વારા ક્લબ ની પ્રવૃતિઓ વિશે વાત કરી હતી અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું અને વૃદ્ધો ને માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા ના સંચાલક દ્વારા ઈન્ડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ નો આભાર માન્યો હતો, આ પ્રસંગે શ્રી જયેશ ભાઈ ગોહિલ ઈન્ડિયન લાયન્સ, શ્રી મહેન્દ્ર સિંહ સોલંકી, ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ ના અંત માં રાષ્ટ્ર ગીત નું સમૂહ માં ગાન કર્યું હતું અને એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ઇંડિયન લાયન્સ દ્વારા કાર્યક્રમ માં ઉપસ્થિત તમામ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# પશ્ચિમ રેલ્વે ઝડપી, આર્થિક અને કાર્યક્ષમ નૂર પરિવહન સેવાઓ પ્રદાન કરવા તરફ ગતિ આપી રહ્યું છે.

કમલમ દૈનિક,

સ્ટીમ કોલ, વાંસના પલ્પ ના પરિવહન સાથે પહેલી વાર ટાઇલ્સ/સીરેમિક નું ગોવા માટે પરિવહન શરૂ કરવામાં આવ્યું. પશ્ચિમ રેલ્વે દ્વારા ઝોનલ અને મંડળ સ્તરે મલ્ટી-ડિસિપ્લિનરી બિજનેસ ડેવલપમેન્ટ યુનિટ સ્થાપવામાં આવ્યા છે. સંભવિત ગ્રાહકોને રેલ પરિવહન તરફ આકર્ષિત કરવા વિવિધ સ્તરે કામ કરવાનું તેમનું લક્ષ્ય છે જેમાં વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અને ગ્રાહક મૈત્રીપૂર્ણ પહેલ વગેરે શામેલ છે. રેલવે દ્વારા નવી લોડિંગ તકોની શક્યતાઓની શોધખોળ સાથે, નૂરના ગ્રાહકોને સુગમતા અને વ્યવસાયમાં સરળતા મળે તે માટે આ એકમો દ્વારા નવા પગલાં અને પહેલ કરવામાં આવી રહી છે. આ જ ક્રમમાં પશ્ચિમ રેલ્વેએ અમદાવાદ મંડળથી સ્ટીમ કોલ અને વાંસના પલ્પનું નવું પરિવહન શરૂ કર્યું છે, તેમજ રાજકોટ મંડળમાં મોરબીથી ગોવામાં ટાઇલ્સ અને સિરામિકનું પરિવહન શરૂ કર્યું છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરવામાં આવેલા એક પ્રેસ જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે તાજેતરના ગુજરાતના ડ્રાઈબલ્ક ટર્મિનલ, ટેકરા (ગાંધીધામ) થી બિહારના જલાલગઢ માટે ૩૯૦૯ ટન સ્ટીમ કોલ ના ૫૯ મ્ક્ષ્ઢ્ન વેગનો ના રેક માં મેસર્સ કલ્યાણી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા લદાન કરવામાં આવ્યું હતું. આ રેક ભીલડી-પાટણથી ૨૩૦૮ કિમીની મુસાફરી કરશે અને જલાલ ગઢ પહોંચશે. આમાંથી રેલ્વેને લગભગ ૧.૦૯ કરોડની આવક થઈ છે. આ સાથે, ગાંધીધામ નજીક ધ્રુબથી પંજાબમાં વાંસની પલ્પ પણ નોંધપાત્ર રકમ માટે લોડ કરવામાં આવી હતી. પશ્ચિમ રેલ્વે માટે આ નવું નૂર ટ્રાફિક છે. તે મહિનામાં પાંચ રેક લોડ કરે તેવી અપેક્ષા છે. આ નવા નૂર ટ્રાફિકથી આશરે ૩૨ કરોડની આવક થઈ છે. શ્રી ઠાકુરે માહિતી આપી કે પશ્ચિમ રેલ્વેના બીડીયુ, રાજકોટના પ્રયત્નોથી પ્રથમ વખત મોરબીથી ગોવા સુધી ટાઇલ્સ અને સિરામિક / સેનિટરી વસ્તુઓનું ભારણ શરૂ કરવામાં આવ્યું છે. મેસર્સ અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ દ્વારા ૪૫ વેગન લોડ કરવામાં આવ્યા છે. આ રેક ગોવાથી ૧૪૯૮ કિલોમીટરનું અંતર કાપશે. ગોવાના આ નવા નૂર ટ્રાફિકમાંથી ૨૫ લાખ રૂપિયાની આવક થઈ છે. ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં વધુ ચાર રેક્સ મોકલવાની સંભાવના છે. શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે ૨૨ માર્ચ ૨૦૨૦ થી સંપૂર્ણ લોકડાઉન અને વર્તમાન આંશિક લોકડાઉન દરમિયાન કઠિન પરિસ્થિતિઓ અને ભયંકર પડકારો હોવા છતાં, પશ્ચિમ રેલ્વેએ ૧૩ નવેમ્બર ૨૦૨૦ સુધી માલગાડીના ૨૧૨૪૮ રેક લોડ કરીને પ્રશંસનીય કાર્ય કર્યું છે. આ સમયગાળા દરમિયાન, પૂર્વી પૂર્વીય પ્રદેશો સહિત દેશના વિવિધ રાજ્યોમાં કુલ ૪૬. ૩૩ મિલિયન ટન નૂર ટ્રેનો મોકલવામાં આવી છે. આ ઉપરાંત, મિલેનિયમ પાર્સલ વાન અને દૂધની ટાંકી વેગનનાં વિવિધ રેક્સ, દવાઓ, તબીબી કીટ, ખોરાક, દૂધ પાવડર અને પ્રવાહી દૂધ જેવી વિવિધ આવશ્યક ચીજો પૂરા પાડવા માટે ઉત્તર અને ઉત્તર પૂર્વી પ્રદેશોમાં રવાના કરવામાં આવ્યા હતા. કુલ ૪૨૧૯૮ નૂર ટ્રેનોને અન્ય ઝોનલ ટ્રેનો સાથે બદલી કરવામાં આવી હતી, જેમાંથી ૨૧૦૮૫ ટ્રેનો સોંપવામાં આવી હતી અને ૨૧૧૧૩ ટ્રેનોને પશ્ચિમ રેલ્વેના વિવિધ ઈન્ટરચેંજ પોઈન્ટ તરફ વાળવામાં આવી હતી. આ ઉપરાંત ૨૩ માર્ચ, ૨૦૨૦ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૦ સુધી પશ્ચિમ રેલ્વે દ્વારા તેની વિશેષ ટ્રેનોના ૬૭૬ પાર્સલ દ્વારા વિવિધ આવશ્યક સામગ્રીની ૧.૭૫ લાખ ટનથી વધુ પરિવહન કરવામાં આવી છે, જેમાં કૃષિ ઉત્પાદનો, દવાઓ, માછલીઓનો સમાવેશ થાય છે.

# અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ પટેલ નો માલપુર ગણપતિ મંદિર ખાતે સત્કાર સમારંભ યોજાયો









કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લા ના નવનિયુક્ત ભારતીય જનતા પાર્ટી ના જિલ્લા અધ્યક્ષ નો માલપુર તાલુકા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકરોએ સન્માન સમારોહ ગણપતિ મંદિર ખાતે યોજ્યો હતો જેમાં જિલ્લા મહામંત્રી શ્રી એસ.એમ.ખાંટ, જિલ્લા ઉપ પ્રમુખ શ્રી કાળુભાઈ ડામોર, મહેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, જિલ્લા પૂર્વ પ્રમુખ શ્રી ભરતસિંહજી રહેવર, જિલ્લા મંત્રી શ્રીમતિ ઈન્દિરાબેન પંડયા, પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ ભીખીબેન પરમાર, શ્રી ધવલસિંહ ઝાલા, મંડલ પ્રમુખ શ્રી મુકેસસિંહ રાઠોડ, મહામંત્રી શ્રી શરદભાઈ પટેલ, શ્રી રમણભાઈ તલાર, મોડાસા તાલુકા મહામંત્રી શ્રી અંકિતભાઈ પટેલ ઉપસ્થીતિ માં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે માલપુર તાલુકા સંગઠન ના હોદ્દેદારો દ્વારા શાફો પહેરાવી ઢોલ નગારા અને ફટાકડા ફોડી કુમકુમ તિલક કરી ફૂલહાર શાલ ઓઢાડી ભવ્ય સ્વાગત સત્કાર કરવામાં આવ્યુ, મેઘરજ તાલુકામાં વસતા બ્રહ્મ સમાજ બક્ષિપંચ જાતિમાં આવતા તમામ સમાજ અનુસુચિત જાતિ સમાજ, રાજપૂત સમાજ અને ભારતીય જનતા પાર્ટી ને સમર્થિત સમાજો અને શુભેચ્છકો દ્વારા નવનિયુક્ત પ્રમુખ શ્રી ને આનંદ અને હર્ષ ની લાગણી સાથે સત્કારવામાં આવ્યા હતા, ત્યાર બાદ પ્રાસંગીક પ્રવચનો બાદ અનુ.જાતિ વાલ્મિકી સમાજના ૧૦ યુવકોજિલ્લા પ્રમુખશ્રી ના સાનીધ્ય માં ભાજપાનો ખેસધારણ કરાયો હતો ત્યારબાદ પ્રસંગ ને પૂર્ણતા ને આરે જઈ અને માલપુર મંડલ મહામંત્રી શ્રી શરદભાઈ પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# પશ્ચિમ રેલ્વે પર રેલ્વે પ્રોટેક્શન ફોર્સ દ્વારા ગેરકાયદેસર દારૂના દાણચોરો સામે વિશેષ ઝુંબેશ

કમલમ દૈનિક,

પશ્ચિમ રેલ્વેના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ દ્વારા ટ્રેન અને રેલ્વે પરિસરમાં દારૂની હેરાફેરી કરનારાઓની પ્રવૃત્તિઓને રોકવા માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરાયેલ પ્રેસ જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે, ટ્રેનોમાં અને રેલ્વે વિસ્તારોમાં અન્ય જગ્યાએ દારૂના દાણચોરોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગેના અહેવાલો આવ્યા છે.

તદનુસાર, દારૂના દાણચોરોને પકડવા અને તેમની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે પ્રિન્સીપલ ચીફ સિક્યોરિટી કમિશનરના નિર્દેશથી પશ્ચિમ રેલ્વેના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૦ માં, ૨૪ કેસો પકડવામાં આવ્યા હતા અને ૨૧ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આમાંથી રૂ.૨.૪૧ લાખની કિંમતનું ૩૮૫૭.૩૭ લિટર સામગ્રી જપ્ત કરવામાં આવી છે. ગેરકાયદેસર દારૂના દાણચોરીને અટકાવવા તમામ છ ડિવિજનમાં વિશેષ ટીમો બનાવી અસરકારક કાર્યવાહી કરવામાં આવી હતી અને વિશેષ ટીમ દ્વારા ગેરકાયદેસર તસ્કરો સામે ટ્રેનોમાં ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે.

# લોકડાઉનને કારણે મહેસૂલ નુકસાન અને રિફંડ ચુકવણી

કમલમ દૈનિક,

કોરોના વાયરસને કારણે પશ્ચિમ રેલ્વે પર યાત્રીઓની કુલ આવકનું કુલ નુકસાન આશરે ૩૨૫૭ કરોડ રૂપિયાનું થયું છે, જેમાં પરાં વિભાગ માટે ૫૧૦ કરોડ અને નોન-પરા માટે ૨૭૪૭ કરોડનો સમાવેશ થાય છે. આ હોવા છતાં પશ્ચિમ રેલ્વેએ ૧ માર્ચ, ૨૦૨૦ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૦ સુધી ટિકિટ રદ કરવાના પરિણામે રૂ. ૪૮૯ કરોડથી વધુની રિફંડ ખાતરી આપી છે. ઉલ્લેખનીય છે કે આ રિફંડ રકમમાં એકલા મુંબઈ ડિવિઝને ૨૪૦ કરોડ રૂપિયાથી વધુનું રિફંડ સુનિશ્ચિત કર્યું છે. અત્યાર સુધીમાં, સમગ્ર પશ્ચિમ રેલ્વે પર ૭૬ લાખ મુસાફરોએ તેમની ટિકિટો રદ કરી છે અને તે મુજબ તેમની રિફંડની રકમ પ્રાપ્ત થઈ છે.

# અરવલ્લી જિલ્લામાં કેટલાક વેપારીઓ એ નવાવર્ષ ના ચોપડા પૂજન કર્યું

કમલમ દૈનિક, અરવલ્લી



અરવલ્લી જિલ્લા માં અસમંજસમાં દિવાળી અને નવાવર્ષ ની હિન્દી ધર્મ મુજબ ની તિથી એકજ દિવસે હોવાથી કેટલાક વેપારીઓ એ દિવાળી અને નવાવર્ષ ના ચોપડા પૂજન આજરોજ ના દિવસો માં મુહરત હોવાથી પૂજન અર્ચના કરવામાં આવ્યું હતું શાસ્ત્રોકત વિધિવિધાન સાથે પૂજા અર્ચન કરી આવનારું વર્ષ સારું નિરોગી અને કોરોના જેવી મહામારી ઝડપથી દૂર થાય અને ચાલુવર્ષ નિષ્ફળ રહ્યું તેની સામે આવનારું વર્ષ તમામ પ્રકારે સારું નીવડે તેવી પ્રાર્થના કરી અને પૂજન વિધિ કરવામાં આવી હતી કેટલાક વેપારીઓ એ લાભપાંચમ ના દિવસે પૂજન કરવામાં આવે તે માટે તેઓ એ દુકાનો ફેક્ટરી અને પેઢીઓ ને લાભપાંચમ ના સારા મૂહરત માં પૂજન કરી પ્રાર્થના કરી આવનારૂ વર્ષ લાભદાયી અને સુખમયી બની રહે તેવા શુભ આશયથી પૂજન વિધિ કરશે


# અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો




કમલમ દૈનિક, અરવલ્લી


અરવલ્લી જિલ્લામાં એક તરફ દિવાળી પર્વ ના તહેવારો માં નિરસતા હતી ત્યાંજ કુદરત રૂઠી હોય તેમ વાતાવરણમાં એકાએક પલટો આવતા ખેડૂતો માટે ચિતા નો વિષય બન્યો એક તરફ ઘઉં વરિયાળી બટાકા રાયડો જીરું જેવા પાકો ની ખેતી કરવા ના સમયે વાતાવરણમાં પલટો આવતા ખેડૂતો માં નિરાશાજનક સમય થી ફફડાટ વ્યાપ્યો છે શાકભાજીના પાકની ખેતી માટે અને બટાટા ના વાવેતરમાં ખુબજ અસરો થાય તેવી ભીંતી સેવાઈ રહી છે મોંઘવારી માં બિયારણો ના આસમાને ભાવ પહોંચ્યા છે અને ઉપજ ના સમયે નીચા ભાવો મળતા ખેડૂતો ક્યારેક માનવસર્જિત તો ક્યારેક કુદરતી આફતો નો ભોગ બની જાય છે એકપણ સિઝન એવી નથી હોતી કે ખેડૂત ને રોવા ના દહાડા નહિ આવ્યા હોય આમ વાતાવરણમાં પલટો આવતા ખેડૂતો ની ઊંઘ હરામ થઈ ગઈ છે

# અરવલ્લી જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી માં ભગવાન શામળિયા ના મંદિરમાં રોશની ની સજાયું અને અન્નકૂટ કરાયો









કમલમ દૈનિક,

આદિવાસીઓ ના કાળિયા ઠાકોર થી જાણીતું ભગવાન શામળિયા ના મંદિર માં દિવાળી અને નવાવર્ષ ની આજે અન્નકૂટ ના દર્શન સાથે ભગવાન ને અને મંદિર ને રંગબેરંગી રોશની ના લાઈટો થી સજાવવામાં આવ્યું જેના થકી મંદિર ની શોભા માં અનેરો રંગત આવી હતી ભગવાન શામળિયા ને સોળેકલા થી ખીલી ઉઠયા હતા ભગવાન ને અવનવી વાનગીઓ થી અન્નકૂટ થાળ ધરાવવામાં આવ્યો હતો તુલસી અને આસોપાલવના તેમજ અનેક કુદરતી ફૂલો થી સજાવટ કરવામાં આવી હતી આજે દિવાળી તેમજ નવાવર્ષ ની ઊજવણી કરવામાં આવી આજે ભક્તો ના ઘોડાપુર થી ભગવાન ના દર્શન કર્યા હતા

# વી.એસ હોસ્પિટલ ફરી એક વખત વિવાદમાં: આખે આખો મૃતદેહ ગાયબ...!!

કમલમ દૈનિક, અમદાવાદ

અનેક વખત વિવાદમાં રહેલી વી.એસ હોસ્પિટલ ફરી એક વખત વિવાદમાં આવી છે. અમદાવાદની પ્રખ્યાત એવી વી.એસ હોસ્પિટલમાંથી એક મહિલાનો મૃતદેહ ગુમ થયો હોવાના સમાચાર મળી રહ્યા છે. અમદાવાદના વેજલપુરના ૭૦ વર્ષીય આધેડ મહિલાનનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું. જેને ૧૧ નવેમ્બરના રોજ મૃતદેહને વીએસ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. પરંતુ મૃતદેહ ગુમ છે. જે અંગે પોલીસને જાણ કરવામાં આવી છે.

સમગ્ર મામલે મળતી માહિતી અનુસાર અમદાવાદની વીએસ હોસ્પિટલ અનેક વખત વિવાદમાં રહે છે. વેજલપુરના ૭૦ વર્ષીય આધેડ મહિલાને હાર્ટ એટેક આવતા વીએસમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. તે બાદ તેમનો પુત્ર કેનેડા હોવાથી મૃતદેહને ૧૧ નવેમ્બરના રોજ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. પરંતુ પુત્ર કેનેડાથી આવ્યો ત્યારે મૃતદેહ મળ્યો નહીં. આ અંગે પરિવારે પોલીસને જાણ કરી છે.



આ ઘટના અંગે ફરિયાદ મળતા એલિસબ્રિજ પોલીસ વીએસ હોસ્પિટલ પહોંચી તપાસ હાથ ધરી હતી. જ્યારે વધુમાં મળતી માહિતી અનુસાર મહિલાને મૃતદેહ વગર રિસિપ્ટે બોડી લીધી હતી. મરનારનું નામ લેખાબેન છે. જેમની ઉંમર ૬૫ વર્ષ છે. જે વેજલપુરના રહેવાસી છે. જોકે, કેનેડાથી આવેલા પુત્રને મૃતદેહ મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પરંતુ આ જોતા પ્રશ્ન એ થાય છે કે આખરે મૃતદેહ કોણ લઈ ગયું? હજી કેટલી વખત હોસ્પિટલની આવી બેદરકારી સામે આવશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલમાંથી પણ મૃતકોના મૃતદેહ ગાયબ થયા હતા.

# લૂંટારું ગેંગને ઝડપી લેવા નવસારીના પોલીસ જવાને મોત સાથે બાથ ભીડી

કમલમ દૈનિક, નવસારી,

નવસારી શહેરમાં પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવતા રાત્રિના પેટ્રોલિંગ દરમિયાન ટાઉન પોલીસ દ્વારા શંકાસ્પદ વાનના ચાલકો પાસે વાહનના દસ્તાવેજો માંગતા પીકઅપ વાનચાલકે વાન ચાલુ કરી પોલીસકર્મીઓ ઉપર વાહન ચઢાવી દેવાની કોશિશ કરતા ૧ પોલીસકર્મીને પીકઅપનાં ગાર્ડને પકડી લઈ શંકાસ્પદ જણાતા લોકોને પીકઅપમાંથી બહાર કાઢવા પ્રયાસ કર્યો હતો, પરંતુ વાનમાં બેઠેલા ચાલકે વાન હંકારી જતા ગાર્ડને પકડીને લટકેલા પોલીસ કર્મીને પીકઅપ ચાલક આશરે ૨૫ કિ.મી. સુધી ખેંચી ગયો હતો. પોલીસ કર્મીને ઈજાઓ પહોંચી હતી. વાનમાં સવાર શખસે પોલીસ કર્મીને પલસાણા પાસે આવેલા બલેશ્વર ગામ પાસે ઉતારી દઈ ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત પોલીસકર્મીને સારવાર અર્થે દાખલ કરાયો હતો.

પીકઅપવાન પોલીસ કર્મી પર ચઢાવી દઈ તેને મારવાનો પ્રયાસ કરનાર શખસ સામે ફરિયાદ નોંધાઈ હતી. તમામ લૂંટ ચલાવનાર શીકલીગર ગેંગના સાગરિત હોવાનું પોલીસમાં ચર્ચાઈ રહ્યું છે. નવસારી ટાઉનમાં છેલ્લા અઢી વર્ષથી સાંઢકુવા પોલીસ મથકે ફરજ બજાવતા ગણેશ ચૌધરી રાત્રિએ ટાઉન પોલીસકર્મીઓ સાથે ગુના અટકાવવા ફરજ પર હાજર હતા. તેઓ રાત્રિનાં ૧.૩૦ વાગ્યાનાં સમયે નવસારી રેલવે સ્ટેશન પાસે આવેલી હોટલ અશોક પાસે પીકઅપ વાન (નં. ય્ત્ન-૦૫-રૂરૂ-૧૪૮૦) ઉભી રહી હતી. જેમાં ૭થી વધુ લોકો હતા. તેમના ઉપર શંકા જતા એલઆરપીસી ગણેશ ચૌધરી અને અહેકો કિશન ગોવિંદ તેમની બાઈક લઈને આ પીકઅપ વાન પાસે આવીને પૂછતાં ચાલકે કહ્યું કે અમે ભૂંડ પકડવા આવ્યા છે. તેમની વાત શંકાસ્પદ લગતા તેમની પાસે પીકઅપના કાગળ માંગ્યા હતા. અચાનક વાહનચાલકે પોતાનું વાહન ચાલુ કરી પોલીસકર્મીઓને અડફેટે લેવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં અપોકો કિશન ગોવિંદ સાઈડ પર ખસી જતા એલઆરપીસી ગણેશ ચૌધરી ઉપર વાહન ચલાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ગણેશ ચૌધરી ગાડી આગળ આવી જતા ગાર્ડ પકડી લીધો હતો. પોલીસકર્મી કારનાં ગાર્ડ ઉપર લટકી ગયો હતો. જેને પલસાણા ઉતારી દઈ શંકાસ્પદ શખસો ભાગી છૂટ્યા હતા.

# પીડીપીના સંસ્થાપક સભ્ય મુઝફ્ફર હુસૈન બેગએ પાર્ટીમાંથી રાજીનામું આપ્યું



કમલમ દૈનિક, શ્રીનગર,

પીડીપીના સંસ્થાપક સભ્ય મુજફ્ફર હુસૈન બેગએ શનિવારે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. મુજફ્ફર હુસૈન બેગએ જમ્મૂ કાશ્મીરમાં જિલ્લા વિકાસ પરિષદ ચૂંટણીમાં સીટની વહેંચણી પર અસહમતિને લઈને રાજીનામું આપી દીધું છે. પીડીપી પાર્ટીના સૂત્રોએ કહ્યું કે મુજફ્ફર હુસૈન બેગએ પીડીપી સંરક્ષક મહબૂબા મુફ્તીને પાર્ટીએ પાર્ટી છોડવાના નિર્ણય વિશે જણાવ્યું છે. મુફ્ફ્જર હુસૈન બેગ ૧૯૯૮માં પીડીપીની સ્થાપના સમયે પાર્ટી સાથે જોડાયેલા છે.

પીડીપી પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે મુજફ્ફર હુસૈન બેગ પીપુલ્સ એલાયન્સ ફોર ગુપકર ડિક્લેરેશન દ્વારા સીટ વહેંચણી, ખાસકરીને ઉત્તર કાશ્મીરમાં સીટ વહેંચણીને લઈને નારાજ છે. પીએજીડીમાં નેશનલ કોન્ફ્સ, પીડીપી, પીપુલ્સ કોન્ફંસ અને માકપા સામેલ છે. આ દરમિયાન મહબૂબા મુફ્તીએ ટ્વીટ કર્યું 'પીએજીડીને જમ્મૂ કાશ્મીરના લોકોની ઓળખ રક્ષા કરવા માટે બનાવી છે જેના પર ઓગસ્ટ ૨૦૧૯થી સતત હુમલો કરી રહ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે તેની રચના ચૂંટણીમાં બઢત પ્રાપ્ત કરવા અથવા પાર્ટીના હિતોને આગળ વધારવા માટેક અરવામાં આવી છે આ ખોટું છે.

# ચીને શ્રીલંકાની મદદથી ભારતની સમુદ્રી ગતિવિધિઓ પર નજર રાખવાનું શરુ કર્યું


કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

એક તરફ એલએસી પર ભારત અને ચીન વચ્ચે મહિનાઓથી ચાલી રહેલો વિવાદ હજી ઉકેલાયો નથી ત્યાં ચીને હવે સમુદ્રમાં પોતાનો અસલી ચહેરો બતાવવાનું શરૂ કરી દીધું છે. ચીને હવે શ્રીલંકાની મદદથી ભારતની સમુદ્રી ગતિવિધિઓ પર નજર રાખવા અવળચંડાઈ શરૂ કરી દીધી છે.

ચીને શ્રીલંકામાં બે સૈન્ય જહાજ તૈનાત કર્યા છે. ચીને એક મહિના કરતાં વધુ સમયથી બે જહાજો મોકલી રાખ્યા છે. આ બન્ને જહાજોનું સત્તાવાર કામ તો દરિયાઈ સંશોધન માટેનું છે. પણ દરિયાઈ સંશોધનની આડમાં આ બંને જહાજ ભારતીય નૌકાદળની અને ખાસ તો ભારતની સબમરિનોની હિલચાલ પર નજર રાખી રહ્યા છે. છેલ્લા આઠ-દસ વર્ષથી ચીની જહાજો નિયમિત રીતે શ્રીલંકાની મુલાકાતે આવતા રહે છે.

ચીન સમયાંતરે કેટલાક જહાજો સંશોધન માટે મોકલે છે. આ જહાજોમાં દરિયાઈ સંશોધન માટેના અન્ડર વોટર એક્ટિવિટીની નોંધ કરવાના બધા સાધનો હોય છે. પરંતુ ભારતીય નૌકાદળને શંકા છે કે આ ચીની જહાજો દરિયાઈ સંશોધનના બહાને ભારતીય નૌકાદળની દરેક હિલચાલની નોંધ રાખી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૧૫મી સદીમાં શ્રીલંકાના દરિયા કાંઠે એક ચીની જહાજ ડૂબી ગયું હતું. આ જહાજના સંશોધન હેતુથી ચીને બે રિસર્ચ વેસલ મોકલ્યા છે. પરંતુ આ બંને જહાજોની કેટલીક પ્રવૃત્તિ એવી છે જે જહાજનો ભંગાર શોધવાને બદલે જાસૂસી કરી રહ્યા હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

# દહેજ માટે સાસરિયાના ત્રાસથી કંટાળી મહિલાએ નોંધાવી પોલીસ ફરિયાદ




કમલમ દૈનિક, અમદાવાદ,

'તું તો ગામડાની અભણ કહેવાય, અમે સુખ સંપત્તિ વાળા માણસો હોય અમારા ઘરે તું શોભે નહી'. પતિના વારંવાર આવા શબ્દો અને દહેજ માટે સાસરિયાના ત્રાસથી કંટાળીને એક મહિલા સોલા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. સોલામાં રહેતી મહિલાના લગ્ન વર્ષ ૨૦૧૬માં ભરૂચ થાય હતા. જોંકે લગ્ન બાદ બીજા જ દિવસથી તેના સાસુ સસરા કહેવા લાગ્યા હતા કે તારા પિતાએ લગ્નમાં દહેજ ઓછુ આપ્યું છે. સાડી ઓ પણ સિલ્કની લીધી નથી સસ્તી લીધી છે. દાગીના પણ હલકા આપેલા છે.

તેમ કહી ને ત્રાસ આપ્યા હતા . જ્યારે તેના પતિ તું તો ગામડાની છે તેમ કહી ને તેની સાથે મારઝૂડ કરતાં હતાં. મહિલાએ તેના પતિને નાકની સર્જરી કરાવી આપવાનું કહેતા તેના પતિએ કહેલ કે તું તારા બાપ ને ત્યાં જઈ ને સર્જરી કરાવી લેજે હું તો જર્મની જવાનો છું. તેમ કહી મહિલાને સાસુ સસરા પાસે મૂકી તેઓ વિદેશ ગયા હતા. વિદેશથી પરત ફર્યા બાદ પતિ પત્ની પુના રહેવા માટે ગયા હતા. જ્યાં મહિલાના પતિએ એક કરોડનું મકાન લેતા મહિલાને પિયરમાંથી રૂપિયા ૩૫ લાખ લઈ આવવા માટે દબાણ કરતા હતા.

મહિલાનો પતિ તેને ઘરખર્ચ માટે રૂપિયા ના આપતો હોવાથી મહિલાએ નોકરી શરૂ કરી હતી. પરંતુ તેના પતિએ તેના પર શંકા વહેમ રાખીને નોકરી છોડાવી દીધી હતી. અને મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂકી હતી. એટલું જ નહી તેના પતિ એ તેને ફોન પર ધમકી આપી હતી કે હવે તું પરત આવતી નહી, હું તને રાખવાનો નથી મને ડિવોર્સ આપી દે, નહી તો હું મૈત્રી કરાર કરી બીજી ને રાખીશ, હું તને દોઢ લાખ આપીશ.



# સત્તાધારી પક્ષના સાંસદ નરહરિ અમીન અને તેમના પત્ની થયા કોરોના સંક્રમિત

કમલમ દૈનિક, અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર યથાવત છે. આ ઘાતક વાયરસની ઝપેટમાં ઘણા રાજનેતાઓ આવી ગયા છે. ત્યારે સત્તાધારી પક્ષના વધુ એક નેતા આ મહામારીની ઝપેટમાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યમંત્રી- ભાજપના રાજ્યસભાના સાંસદ નરહરિ અમીન અને તેમના પત્ની કોરોના પોઝિટિવ આવ્યા છે અને તેઓ હાલમાં અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે કે જૂન ૨૦૨૦માં જ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા નરહરિ અમીને ટ્વીટ કરીને માહિતી આપી હતી કે, 'કોરોનાના પ્રારંભિક લક્ષણો જણાતા મેં ટેસ્ટ કરાવ્યો હતો અને મારો રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મારૂં સ્વાસ્થ્ય સારૂં છે.

પરંતુ ડોકટરોની સલાહને આધારે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ થયો છું. છેલ્લા કેટલાક દિવસોથી જે પણ વ્યક્તિ મારા સંપર્કમાં આવી છે તેઓ આઈસોલેટ થઈને પોતાની તપાસ કરાવે તેવો અનુરોધ છે. ઉલ્લેખનીય છે કે, નરહરિ અમીન ગુજરાતમાંથી રાજ્યસભાના ચોથા એવા સાંસદ છે જેઓ કોરોના સંક્રમિત થયા છે. અગાઉ અહેમદ પટેલ, શક્તિસિંહ ગોહિલ, અભય ભારદ્વાજ પણ કોરોના સંક્રમિત થઈ ચૂક્યા છે.

આ પૈકી અભય ભારદ્વાજ-નરહરિ અમીન-શક્તિસિંહ ગોહિલ જૂન ૨૦૨૦માં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાયા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા-ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ એહમદ પટેલનું સ્વાસ્થ્ય કથળતાં તેમને નવી દિલ્હીની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રદેશ કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર એહમદ પટેલ શ્વાસ લેવામાં તકલીફ પડતાં તેમને શનિવારે સવારે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હાલમાં તેમની સ્વાસ્થ્ય સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, એહમદ પટેલ ગત મહિને કોરોનામાંથી સાજા થયા હતા.

# કોરોના મહામારી વચ્ચે મહારાષ્ટ્રમાં આજથી ધાર્મિક સ્થળો ખૂલશે

કમલમ દૈનિક, મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારે કહ્યું હતું કે રાજ્યમાં બધાં ધાર્મિક સ્થળ સોમવારથી ભક્તો માટે ફરી એક વાર ખૂલશે. માસ્ક પહેરવો ફરજિયાત રહેશે. ધાર્મિક સ્થળ પર બધા કોરોના વાઈરસના માપદંડોનું પાલન કરવાનું રહેશે. જોકે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ગયા રવિવારે કહ્યું હતું કે દિવાળી પછી પ્રદેશમાં સ્કૂલો અને ધાર્મિક સ્થળો ખોલવામાં આવે એવી શક્યતા છે. તેમણે કહ્યું હતું કે રાજ્યના પ્રદૂષણને કારણે કોરોના વાઈરસનો પ્રભાવ વધે એવી શક્યતા છે. તેમણે આ દિવાળીએ લોકોને ફટાકકડા ના ફોડવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે લોકોએ સતર્ક રહેવું જોઈએ, જેથી ફરીથી લોકડાઉનની જરૂર ના પડે.

મહારાષ્ટ્ર સરકારે આ પહેલાં બધાં થિયેટર, સિનેમા હોલ અને મલ્ટિપ્લેક્સને ૫૦ ટકા ક્ષમતાની સાથે ખોલવાની મંજૂરી આપી છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા મહિનાથી મંદિર ખોલવાને મામલે રાજકારણ રમાઈ રહ્યું છે. એટલો સુધી કે મંદિર ખોલવા માટે પૂજારીઓએ કેટલીય વાર આંદોલન કર્યું હતું. તેમનું કહેવું હતું કો જ્યારે બધું ખોલવામાં આવે છે તો મંદિરો ખોલવામાં શું મુશ્કેલીઓ છે. લાંબા સમયથી મંદિરો બંધ રહેવાથી અમારી સામે આજીવિકાનું સંકટ છે. મહારાષ્ટ્રમાં ભાજપે પૂજારીઓના આંદોલનને ટેકો આપ્યો હતો. ભૂતપૂર્વ દેવેન્દ્ર ફડણનવીસનાં પત્ની અમૃતા ફડનવીસે મંદિર ખોલવાને લઈને ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું હતું.

# માલપુર પોલીસ સ્ટેશનમાં બાલક્રિડાગણનું લોકાર્પણ કરતા બાળકોમાં આનંદ છવાયો









કમલમ દૈનિક, અરવલ્લી

માલપુર પોલીસ લાઈનની નજીક મેદાનમાં છેલ્લા ઘણા સમયથી ઝાડી ઝાંખરાં અને ગંદકીનું સામ્રાજ્ય હતું ત્યારે તાજેતરમાં તમામ ગંદકી દુર કરી વિવિધ વૃક્ષો વાવી બગીચો તૈયાર કરી તેમા હિંચકા ચબુતરો બાકડા સહિતની સુવિધા ઉભી કરાતા પોલીસ જવાનો અને તેમના પરિવારોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. માલપુર પોલીસ સ્ટેશનમાં વિવિધ કામગીરી કરાઈ રહી છે. ઉત્સાહી એવા પી. એસ. આઈ. એન.એમ.સોલંકી જયારે માલપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે તેમમાં માર્ગદર્શન હેઠળ ધી માલપુર નાગરિક સહકારી બેંકના સહયોગથી પોલીસ લાઈનની નજીક આવેલા મેદાનમાંથી ઝાડી-ઝાંખરા અને ગંદકી દૂર કરાવી બાળક્રીડાંગણ અને બગીચો તૈયાર કરવામાં આવ્યો હતો અને પોલીસલાઈનના મેદાનની રોનક બદલી નાખી હતી ત્યારે ડીવાયએસપી ભરત બસીયા,માલપુર પીઆઈ એફ એલ રાઠોડ અને એન.એમ.સોલંકીની ઉપસ્થિતિમાં બગીચા અને બાળક્રીડાંગણને ખુલ્લો મુકાયો હતો.ડીવાયએસપી ભરત બસિયાએ જણાવ્યું હતુકે પોલીસ સ્ટેશન અને પોલીસ લાઈનમાં સારા વૃક્ષો અને સ્વચ્છતાથી સકારાત્મક ઉર્જા આવે છે.

# ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓનો કોરોના રિપોર્ટ આવ્યો નેગેટિવ




કમલમ દૈનિક,સિડની,

ભારતીય ટીમ અને સહયોગી સ્ટાફ કોરોના વાયરસની તપાસમાં નેગેટિવ આવ્યાં છે અને ખેલાડીઓએ ઓસ્ટ્રેલીયા સામેની શ્રૃંખલા માટે શનિવારથી અભ્યાસ શરૂ કર્યો છે. તાજેતરમાં જ યુએઈમાં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ભાગ લેનારા હાર્દીક પંડ્યા, પૃથ્વી શો અને મોહમ્મદ સિરાજ સહિત ઘણા ક્રિકેટરો અભ્યાસ સત્રમાં ભાગ લઈ રહ્યાં છે. બીસીસીઆઈએ ટ્વિટર પપર ખેલાડીઓને આઉટડોર અભ્યાસ અને જિમ સત્રના ફોટા શેર કર્યા છે. સ્પિનર કુલદીપ યાદવ, ઝડપી બોલર ઉમેશ યાદવ, હરફનમૌનલા, રવિન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર અને ચેતેશ્વર પુજારા અભ્યાસ કરતા જોવા મળી રહ્યાં છે. ફોટામાં ઝડપી બોલર ટી.નટરાજન અને દીપક ચાહર પણ નજર આવી રહ્યાં છે. ભારતીય ટીમ આ સમયે ૧૪ દિવસના ક્વોરેન્ટાઈનમાં છે અને પહેલો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. લેગ સ્પિનર યુજવેન્દ્ર ચહલે પણ સ્પિનર કુલદીરની સાથે ફોટો ટ્વિટર પર શેર કર્યો છે. તેણે લખ્યું છે કે, પોતાના ભાઈ કુલદીપની સાથે ભારતીય ટીમમાં વાપસી. ટીમ ઈન્ડિયા અભ્યાસ કરતા હેશટૈગ કુલચા. ભારતીય ટીમ ૨૭ નવેમ્બરથી ત્રણ વનડે, ત્રણ ટી૨૦ અને ચાર ટેસ્ટ મેચ રમશે.

# ફટાકડા પર પ્રતિબંધ છતાં દિલ્હીની હવામાં ભળ્યું ઝેર



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી

પ્રતિબંધ છતાં દિવાળી પર દિલ્હી એનસીઆરમાં લોકોએ ખૂબ ફટાકડા ફોડ્યા હતા, જેને કારણે દિલ્હી-એનસીઆરમાં વાયુ ગુણવત્તામાં ભારે ઘટાડો થયો હતો. પીએમ ૨.૫નો સરેરાશ સ્તર ૪૫૦થી ઉપર જતો રહ્યો હતો. એનાથી દિલ્હી અને એની આસપાસના વિસ્તારોમાં કેટલીય જગ્યાએ પ્રદૂષણનો સ્તર ગંભીર શ્રેણીમાં જતો રહ્યો હતો. દિલ્હીના સોનિયા વિહારમાં પીએમ ૨.૫નો સ્તર ૫૦૦ની પાર કરી ગયો હતો. પ્રદૂષણને કારણે દિવાળીની પછી સવારે દિલ્હીમાં ગાઢું ધુમ્મસ છવાયેલું રહ્યું અને વિઝિબિલિટી ૨૦૦-૩૦૦ મીટરની આસપાસ રહી.

વળી, પડોશી રાજ્યોમાં પરાળી સળગાવવાને કારણે દિલ્હીમાં પ્રદૂષણનો સ્તર ખૂબ વધી ગયો હતો. પરાળીનું યોગદાન ૩૨ ટકા રહ્યું હતું. એની સાથે હવાની ગતિ ધીમી હોવાને કારણે સ્થિતિ વધુ ખરાબ રહી હતી, કેમ કે આવી સ્થિતિમાં પ્રદૂષણના કણ જમા થાય છે.

દિવાળીની રાતે દિલ્હીના આનંદ વિહાર વિસ્તારમાં વાયુ ગુણવત્તા પીએમ ૨.૫નો સ્તર ૪૮૧, અશોક વિહારમાં ૪૯૧, એરપોર્ટ વિસ્તારમાં ૪૪૪, માં ૪૫૭ અને લોધી રોડ ક્ષેત્રમાં ૪૧૪ રેકોર્ડ કરવામાં આવ્યો હતો. જે બધા ગંભીર શ્રેણીમાં આવે છે. દિલ્હીના મોટા ભાગના વિસ્તારમાં પીએમ ૨.૫નો સ્તર ૪૦૦થી ઉપર રહ્યો હતો.

# ઘરમાં ખુબ જ શુભ માનવામાં આવે છે ક્રિસ્ટલ કાચબો, ૨૪ કલાકમાં બતાવશે તેની અસર

કમલમ દૈનિક,

દરેક માણસ મોટો બનવા અને પૈસા કમાવવા માગતો હોય છે. અને તે એવું પણ વિચારતો હોય છે કે તેની પાસે એટલા પૈસા હોય કે જેનાથી તે પોતાની અને પોતાના પરિવારની જરૂરિયાતો પૂરી કરી શકે. પરંતુ તેના માટે મહેનત જરૂરી છે. અને એવા ઘણા ઓછા માણસો હોય છે કે જે મહેનત કર્યા વગર નામ કમાઈ લેતા હોય છે. આવા માણસો જોડે તેમનું કિસ્મત હોય છે પરંતુ તે દરેકની સાથે નથી થતું.

સમાજમાં અમીર અને સફળ માણસ બનવા માટે ફક્ત મહેનતની જરૂર હોય છે. જો તમે વગર મહેનતે કોઈને અમીર બનતા જોયો છે? નહીં મહેનત વગર આ શક્ય જ નથી. ઉંમરલાયક કહે છે કે મહેનત વગર ફળ નથી મળતું. જો વ્યક્તિનું કર્મ સારું હશે તો તેની સફળતા જરૂર મળશે. પરંતુ ઘણીવાર ખૂબ જ મહેનત કરવા છતાં સફળતા નથી મળતી અને તેમના હાથમાં ફક્ત નિરાશા જ આવે છે. જો તમારી સાથે પણ આવું થતું હોય તો તમારે નિરાશ થવાની જરૂર નથી.

**ફેંગશૂઈમાં કાચબાનું છે વિશેષ સ્થાન**

ફેંગશુઈ નું ચલણ દિવસે દિવસે વધતું જાય છે. અને સાથે તેમાં વિશ્વાસ કરવાવાળાની સંખ્યા પણ છે. તેનું પ્રમુખ કારણ છે તેમાં જણાવેલી ટિપ્સ. ફેંગશુઈ અને વાસ્તુમાં કાચબા નું ઘણું મહત્વ છે. એટલે આજે તમને કાચબાનો એક એવા ઉપાય વિશે જણાવીશું કે તે આ ઉપાય કરવાથી તમને સફળતા મળશે અને તમારી દરેક મનોકામના પૂર્ણ થશે.

**શુભ અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે કાચબો**

ફેંગશુઈ માં ક્રિસ્ટલ ના કાચબા નું એક અલગ સ્થાન છે. ક્રિસ્ટલ કાચબો ઘરમાં રાખવો ખૂબ જ શુભ માનવામાં આવે છે. તેનાથી ઘરમાં દેવી-દેવતાઓનો ઊર્જાનો સંચાલન થાય છે. અને તે વ્યક્તિના અશુભ ગ્રહો ને અનુકૂલિત બનાવીને જીવનમાં ચાલતા દરેક દુ:ખનો અંત કરે છે. ક્રિસ્ટલ ના કાચબા ને ઘરમાં રાખવાથી જીવનમાં ચાલતી દરેક પરેશાની દૂર થઈ. કાચબાને સનાતન હિન્દુ ધર્મમાં અને તેના સિવાય ચાઈનાના ફેંગશુઈ વાસ્તુમાં શુભતા અને સમૃદ્ધિનું પ્રતીક ગણવામાં આવે છે.

**ઘરમાં જળવાઈ રહે છે પોઝિટિવિટી**

કહેવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં કાચબો કે કાચબાનું પ્રતીક રાખવું જોઈએ. તેને ઘરમાં રાખવાથી ઘરની આર્થિક સ્થિતિમાં સુધાર આવે છે. અને ઘરમાં પોઝિટિવિટી બની રહે છે. તેને ઘરમાં રાખવાથી ઘરની દરેક નકારાત્મક ઊર્જા સમાપ્ત થાય છે



અને ઘરનું વાતાવરણ સારું રહે છે અને તેનાથી ઘરના દરેક સભ્યોને સ્વાસ્થ્ય પણ સારું રહે છે. ફેંગશુઈ અને વાસ્તુશાસ્ત્રમાં કાચબાને ખૂબ જ પ્રભાવશાળી યંત્ર કહેવામાં આવ્યું છે.

**ધન સંબંધિત પરેશાનીઓ થી મળે છે મુક્તિ**

કાચબાને ધનપ્રાપ્તિ નું સૂચક પણ કહેવામાં આવ્યું છે. ધન સંબંધિત સમસ્યા હોય તો ક્રિસ્ટલ કાચબાને ઘરમાં રાખવાથી તે દરેક સમસ્યા દૂર થાય છે. તેને ઘર કાર્યસ્થળ અને તિજોરીમાં રાખવો. તેને સ્થાપિત કરવા માટે ગુરૂવારના દિવસને ખૂબ જ ઉત્તમ ગણવામાં આવ્યો છે. એવું એટલા માટે કેમ કે કાચબો ભગવાન વિષ્ણુનો અવતાર છે અને ભગવાન વિષ્ણુની ગુરુવારના દિવસે પૂજવામાં આવે છે.

તે માટે ગુરુવારના દિવસે તેની સ્થાપિત કરવાથી બે ઘણું ફળ પ્રાપ્ત થાય છે. તેની તમે ઘર કે ઓફિસની ઉત્તર દિશામાં રાખો અને તેને એવી રીતે સ્થાપિત કરવું કે તેનું મોઢું ઘરની અંદરની તરફ ની દિશામાં હોય અને તેને કાચના વાટકામાં થોડાક પાણીની અંદર રાખવો. થોડાક જ દિવસમાં તેની અસર તમને તમારા જીવન અને વ્યાપારમાં જોવા મળશે.

# ડાકોરના ઈતિહાસમાં પહેલી અન્નકુટ પ્રથા રાખવામાં આવી બંધ

કમલમ દૈનિક, ડાકોર,

દેશભરમાં ધામધૂમ પૂર્વક દિવાળી ઉજવવામાં આવે છે ત્યારે બેસતા વર્ષે દરેક મંદિરોમાં પૂજા કરી અન્નકુટ ધરાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે કોરોનાને કારણે અનેક મંદિરો બંધ રાખવામાં આવ્યો છે તેમજ અનેક નિયમોનું પાલન કરી દર્શન કરવા મંજૂરી આપવામાં આવી છે. આ વચ્ચે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ડાકોર મંદિરમાં છેલ્લા કેટલાક વર્ષોથી બેસતા વર્ષના દિવસે ઠાકોરજીને અન્નકુટ ધરાવવામાં આવે છે. આ અન્નકુટની આસપાસના ગ્રામજનો લૂંટ ચલાવે છે. જોકે, આ વખતે કોરોના મહામારીના કારણે આ પ્રથા રદ્દ કરવામાં આવી છે. તેના બદલે મંદિરમાં બંધ બારણે પ્રતિકાત્મક રીતે અન્નકુટ ધરવામાં આવશે. જોકે, આ નિર્ણય સરપંચ અને પોલીસ વચ્ચે શુક્રવારે યોજાયેલી એક બેઠક દરમિયાન લેવામાં આવ્યો છે. આ અગાઉ સરપંચોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. જે મામલે હવે સમાધાન થયું છે. ખેડા જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર મંદિરમાં બિરાજમાન ભગવાન રણછોડરાય ના દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરતાં શ્રધ્ધાળુઓને આ વર્ષે નિરાશ થવું પડશે. મંદિર પ્રશાસન દ્વારા નવા વર્ષને દિવસે સાંજે ૪ વાગ્યા પછીજ મંદિર દર્શનાર્થીઓ માટે ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ કોરોના મહામારીના કારણે સોશ્યલ ડિસ્ટંન્સ સહિતના કોવિડના નિયમો ભંગ થવાના કારણે આ પ્રથા રદ્દ કરવા મંદિર અને તંત્ર વચ્ચે મડાગાંઠ ચાલતી હતી. દરમિયાનમાં આ પ્રથા રદ્દ થશે તો આસપાસના ગામના લોકો આંદોલન કરશે તેવી ચીમકી સરપંચોએ ઉચ્ચારી હતી.

આખરે આ મામલે શુક્રવારે પોલીસ અને સરપંચો વચ્ચે બેઠક યોજાઇ હતી. જેમાં સરપંચોએ આંદોલનનો કાર્યક્રમ પડતો મુક્યો હતો. સાથોસાથ અન્નકુટ પ્રતિકાત્મક રીતે ભગવાનને ધરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આખરે મંદિરના પ્રશાસન દ્વારા અન્નકૂટ લૂંટની પ્રથાને લઈને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની પણ ચર્ચા નગરમાં છે. ડાકોરમાં ભગવાન રણછોડરાય પ્રત્યે ભક્તો આસ્થા ધરાવે છે. દેશ વિદેશના અનેક ભક્તો નવા વર્ષે ભગવાનના દર્શન કર્યા બાદ તેમના ધંધા, રોજગારનો પ્રારંભ કરે છે. જોકે, આ વખતે ઠાકોરજીના દર્શન મોડા થશે. મંદિરના ઈતિહાસમાં આવો પ્રસંગ પ્રથમ વખત બનશે કે બેસતા વર્ષના દિવસે ભગવાનના દર્શન મોડા થશે.

# વલસાડમાં નશાના વેપલાનો પર્દાફાશ: બાઈક ચાલક પાસેથી મળી આવ્યું ૧.૪૦ લાખનું એમડી ડ્રગ્સ

કમલમ દૈનિક, વલસાડ,

માયાનગરી મુંબઈ ની ફિલ્મી દુનિયા માં જ્યારથી એમ ડી ડ્રગ ના નશાના સમાચાર મળી રહયા છે ત્યારથી રાજ્યમાં પણ હવે આ ડ્રગ્સ મળી આવવાની શરૂઆત થઈ હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યનાં પ્રવેશ દ્વાર એવા વલસાડ જિલ્લામાં એક જ અઠવાડિયામાં બે વાર એમ.ડી ડ્રગ્સ મળી આવાની ઘટના રાજ્યમાં યુવા ધનને ઉડતા પંજાબની જેમ ઉડતા ગુજરાત તરફ ધકેલવાની શરૂઆત થઈ હોય તેવી ખતરાની ઘંટી આવી છે. વલસાડના ડુંગરી પોલીસે નેશનલ હાઈવે પર એક બાઈક ચાલાક પાસે થી ૧.૪૦ લાખ નું ડ્રગ ઝડપી પાડ્યું છેત્યારે કોણ છે આ યુવાન અને ક્યાંથી લાવ્યો હતો આ નશાનો કારોબાર. પહેલાં વાપી પાસે આવેલ હાઈવેની એક હોટલ પાસે થી ૪ યુવાનો પાસે થી ૨૭લાખ નું ૨૭૪ ગ્રામ ડ્રગ્સ ઝડપાયું અને હવે ડુંગરી ના વાઘલધરા ગામ પાસે હાઈવે પરથી ફરી એક વાર એમ ડી ડ્રગ્સ ઝડપાયું છે. જોકે આ વખતે ડુંગરી પોલીસે એક બાઈકચાલક પાસે થી ૧.૪૦ લાખ નું ૧૪.૧૭ ગ્રામ ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. છેલ્લા ઘાણ સમયથી દેશમાં ડ્રગ્સના સેવનને લઈને રોજે રોજે હેડ લાઈન્સ બની રહી છે. મુંબઈ ફિલ્મ સીટી ડ્રગ્સના અજગરી ભરડામાં ફસાઈ ચુક્યું હોવાના ચોંકાવનારા કિસ્સાઓ સામે આવી ચુક્યા છે.ત્યારે મહારાષ્ટ્રને અડીને આવેલા વલસાડમાં પણ ડ્રગ્સના દુષણ એ પગ પેસારો કર્યો છે. વલસાડમાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ ૪૮ ઉપર વાઘલધરા ગામ પાસે પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી.તે દરમિયાન મહારાષ્ટ્ર પાર્સીંગ વાળું એક બાઈક આવતા પોલીસે તેને રોક્યું હતું. જોકે બાઈક રોક્તાની સાથેજ પાછળ બેસેલો ઈસમ ઉતરીને નાસી છૂટ્યો હતો.જેથી પોલીસે તાત્કાલિક ચાલકને દબોચી તેની ઝડતી લેતા તેની પાસેથી ૧૪.૧૭ ગ્રામ એમ.ડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.ડ્રગ્સ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને તાત્કાલિક આલા અધિકારીઓને જાણ કરી બાઈક ચાલકની ધરપકડ કરીને તપાસ શરુ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પકડાયેલા બાઈક ચાલકનું નામ અરબાઝ શેખ હોવાનું સામે આવ્યું છે અને તે મૂળ મુંબઈનો રહીશ છે.જોકે છેલ્લા ઘણા વર્ષોથી તે વડોદરાના અકોટા વિસ્તારમાં રહે છે.તો તેના ફરાર સાથીનું નામ અમાન હોવાનું સામે આવ્યું છે.પકડાયેલા આરોપીના કેહવા પ્રમાણે અમાનત ને ડ્રગ્સ જોઈતું હોવાથી તેને એ મુંબઈ લઈ ગયો હતો અને ત્યાં તેણે ઓળખાણ કરાવી હતી.

# કામરેજમાં તસ્કરોએ દિવાળીમાં પાડી ધાર, કરજણમાં એટીએમ તોડી ૧૨.૫૬ લાખની ચોરી



કમલમ દૈનિક, બારડોલી,

સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલા કરજણ ગામે તસ્કરોએ દિવાળી ઊજવી છે. તસ્કરોએ અહીંયા આવેલી એક કો-ઓપરેટિવ બેંકના એટીએમ મશીનને તોડી અને સેફમાં મૂકેલા રૂપિયાની ચોરી કરી લીધી હતી. એટીએમના સીસીટીવીમાં ૩ તસ્કરો કેદ થયા હતા. આ સમગ્ર ઘટનાના કારણે હાહાકાર મચી ગયો હતો.

પોલીસે બનાવવાળી જગ્યાએ પહોંચીને તપાસ શરૂ કરી હતી. હજુ તો થોડા દિવસ પહેલાં પણ મોરથાામાં આજે બેંક એટી.એમ.ને નિશાન બનાવ્યું હતું. દરમિયાન ગઈકાલે કામરેજના કરજણ ગામે સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકને નિશાન બનાવી હતી. તસ્કરોએ કરજણમાં આવેલા બેંકના એટીએમ મશીનમાં ઘુસ્યા હતા અને અને ધાડ પાડી હતી. તસ્કરોએ એટીએમ મશીન તોડી અને ૧૨.૫૬ લાખ રૂપિયા લૂંટી લીધા હતા. જોકે, સીટીવીમાં આ તસ્કરોએ આબાદ કેદ થયા છે. પોલીસ તપાસમાં આ કોઈ ગેંગનું ષડયંત્ર હોવાનું બહાર આવી શકે છે.

કારણ કે એક મહિનાની અંદર જ કરજણમાં આ બીજી ચોરી થઈ છે. તસ્કરોની મોડ્સ ઓપરેન્ડી જાણવા માટે તેમજ મશીન તોડવાની વધુ તપાસ આદરવા માટે પોલીસે ફોરેન્સિક નિષ્ણાતોની મદદ લીધી છે. એફએસએલની મદદ દ્વારા ટેકનિકલ અને ફોરેન્સિક ઈનપૂટના આધારે તપાસ કરવામાં આવશે. જોકે, દિવાળીના ટાણેં જ ત્રાટકેલા તસ્કરોએ એક સાથે ૧૨.૫૬ લાખની મતા ઉઠાવી જતા તસ્કરોએ દિવાળી ઊજવી હોવાની લોકોના મોઢે ચર્ચા હતી.

# સુરતમાં કોઝવેમાં નહાવા પડેલા 3 કિશોર ડૂબ્યા, એકનું મોત

કમલમ દૈનિક, સુરત

સુરતમાં કોઝવેમાં ડૂબી જવાના કારણે એક બાળકનું મોત થતા દિવાળીના પર્વમાં માતમ છવાયો છે. શહેરના ચોકબજાર કોઝવેમાં ભગવવાને ચઢાવેલા ફૂલહાર અને ફોટોને પધરાવ્યા બાદ ત્રણ બાળકો નહાવા પડ્યા હતા. જોકે, જોત જોતામાં તો આ ત્રણેય બાળકો ડૂબવા લાગ્યા હતા. દરમિયાન તરવૈયાઓએ બાળકોને ડૂબતા જોઈને તાપીમાં ઝંપલાવ્યું હતું અને ડૂબી રહેલા કિશોરોને બચવવાનો પ્રયાસ કર્યો હતો. તરવૈયાઓની સમયસૂચકતાના કારણે બે બાળકોનાં જીવ બચાવવામાં સફળતા મળી હતી પરંતુ એક બાળક મોતને ભેટ્યો હતો. ડૂબી ગયેલો બાળક ૧૦માં ધોરણનો વિદ્યાર્થી હતો. ઘટનાની જાણ થતા ફાયરનો કાફલો પહોંચ્યો હતો અને બાળકના મૃતદેહને કોઝવેમાંથી શોધી બહાર કાઢ્યો હતો.

સુરતના કતારગામ વિસ્તારના વેડ રોડ પર આનંદપાર્ક સોસાયટીમાં રહેતા ગિરજાશંકર ઉપાધ્યાયનો ૧૬ વર્ષનો દીકરો કલ્પેશ અને બીજો ૧૪ વર્ષિય પુત્ર રવિ અને તેમની નજીકમાં રહેતા મિત્ર ૧૩ વર્ષિય સત્યમ જંદા આજે સવારે ચોક બજાર વિસ્તારમાં કસરત કરવા ગયા હતા. બાદમાં કસરત કરીને ત્રણેય ઘરે નાસ્તો કરવા આવ્યા હતા. બાદમા ફરી બે ભાઈ અને તેમનો મિત્ર સત્યમ ઘરના ફૂલહાર અને ભગવાનના જુના ફોટાઓ કોઝવેના પાણીમાં પધરાવવા ગયા હતા. બાદમાં ત્રણે જણા કોઝવેમાં નાહવા માટે ગયા હતા. જેમાં અચાનક ત્રણેય મિત્રો પાણીમાં ડૂબી જવા લાગ્યા હતા. ત્યાં બૂમાબૂમ થવા લાગી હતી.આસપાસના તારવૈયાઓએ રવિ અને સત્યમને તાત્કાલિક પાણીમાંથી સહી સલામત બહાર કાઢ્યા હતા. જ્યારે કલ્પેશ પાણીમાં ગરમ થઈ ગયો હતો.

આ અંગે ફાયર ઓફિસર સૃષ્ટિ ધોબી અને ફાયર જવાનો ઘટનાસ્થળે પહોંચી પાણીમાં શોધખોળ આદરી હતી. બાદમાં કલ્પેશને પાણીમાં બહાર કાઢી તેમને તાત્કાલિક બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.કલ્પેશ મૂળ ઉત્તરપ્રદેશના સુલતાનપુરના વતની હતો. વેડ રોડની સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો તેનો એક ભાઈ અને એક બહેન છે. તેના પિતા પરિવારનું ભરણપોષણ કરવા માટે રિક્ષા ચલાવે છે. હાલ ઉપાધ્યાય પરિવારમાં દિવાળી જેવા ખુશીના મહોલમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અંગે ચોકબજાર પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજયમાં દિવાળીની રાત્રે આગની ૪ ઘટનાઓ, લાખોનું નુકશાની

કમલમ દૈનિક, અમદાવાદ,

સમગ્ર રાજય જ્યારે દિવાળીના પર્વની ઊજવણી કરી રહ્યું હતું ત્યારે રાજ્યમાં અકસ્માતોની પણ વણઝાર થઈ હતી. ખાસ કરીને આગના અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. રાજ્યમાં દિવાળીની રાત્રે જુદા જુદા ચાર સ્થળો પર આગની ઘટના સામે આવી છે. આ આગની ઘટનામાં અમદાવાદ, વલસાડ, ગોધરા અને સુરતમાં દુર્ઘટનાઓ સર્જાઈ હતી. જોકે, આ ઘટનાઓમાં રાત્રિનો સમય હોવાથી અને ખાસ કરીને દિવાળીની રજાના માહોલના કારણે કોઈ જાનહાનિ સર્જાઈ નથી.

વલસાડ જિલ્લાના ઉમરગામ જીઆઈડીસીમાં એક કંપનીમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી.

અડધી રાત્રે ઉમરગામ જીઆઈડીસીના થર્ડ ફેસ માં આવેલી એક કેમિકલ કંપનીમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. સોવેન કેમિકલ્સ નામની કંપનીમાં કેમિકલ બનતું હોવાથી તૈયાર અને કાચો સામાન મોટી માત્રામાં હોવાથી થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને કંપની નો મોટો ભાગ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ઉમરગામની ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી અને આગ પર કાબુ મેળવવાના પ્રયાસ કર્યા હતા.


ગોધરા શહેરમાં સ્ટેશન રોડ પર આવેલા ઝૂલેલાલ મંદિર પાસે આવેલી કાપડની દુકાનમાં આગની ઘટના સામે આવી હતી. નગરપાલિકાની ફાયરની ટીમે તાત્કાલિક પાણીનો મારો ચલાવતા આગ કાબુમા આવી હતી પરંતુ લાખો રૂપિયાની કિંમતનો કાપડનો જથ્થો બળીને ખાક થઈ ગયો હતો.

સુરતમાં લસકાણા વિસ્તારમાં આવેલા જલારામ સ્ટીલ ફર્નિચરના ગોડાઉનમાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ૧૦ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આ ઘટનામાં જાનહાનિ થઈ નથી.

# દિવાળી ફળી: કાપડ ઈન્ડસ્ટ્રીનું જ વાર્ષિક ટર્નઓવર ૬૦થી ૬૫ હજાર કરોડ

કમલમ દૈનિક, સુરત,

કોરોનાકાળમાં શહેર ફરીથી ઊર્જાવાન બન્યું છે. શહેરના દરેક એવા સેક્ટર હવે ધીમે ધીમે વિકાસની ગતિ પકડી રહ્યા છે. દિવાળી નિમિત્તે શહેર ઉત્સાહના રંગમાં પણ રંગાયું છે. ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતાં સુરતની ટેક્સટાઈલ ટ્રેડિંગની ૧૬૫ માર્કેટ, ૫૦,૦૦૦ વીવીંગ એકમો, ૪૦૦ પ્રોસેસિંગ મિલો, ૨૫,૦૦૦ એમ્બ્રોયડરી એકમો, ૧૮૦૦ લેસ અને ધૂપિયનના વેપારીઓ સહિત વેલ્યુએડીશન ઈન્ડસ્ટ્રી સાથે લાખો વેપારીઓ મળીને કુલ ૧૫ લાખથી વધુ લોકો પ્રતિ દિન ૨.૫૦ કરોડ મીટર કાપડ તૈયાર કરે છે. કાપડ ઈન્ડસ્ટ્રીનું જ વાર્ષિક ટર્નઓવર ૬૦થી ૬૫ હજાર કરોડનું છે.



જ્યારે ૭૦૦૦થી વધુ હીરાની નાની-મોટા એકમો મળીને વર્ષે ૧.૫૦ લાખ કરોડથી વધુનું ટર્નઓવર છે. લોકડાઉનના કારણે માર્ચ થી જુન મહિના સુધી શહેરની કરોડરજ્જુ સમાન ૨ ઉદ્યોગોની સ્થિતિ કફોડી બની હતી. જોકે,દિવાળીના કારણે આ બંન્ને ઉદ્યોગોનો ખૂબ સારો વેપાર થયો છે.

# કંડલા એરપોર્ટ પર વજન વધી જતા પેસેન્જર શરાબની બોટલ ભરેલી બેગ મૂકી થયો ફરાર

કમલમ દૈનિક, અંજાર

અંજારના કંડલા એરપોર્ટ પર દિલ્લી જઈ રહેલા પેસેન્જરના લગેજનું વજન વધુ જતા તેણે એક બેગ એરપોર્ટ પર જ મૂકી દીધો હતો. જેની તપાસ કરતા બેગ માંથી મોંઘી શરાબની બોટલ તેમજ અન્ય સામાન મળી કુલ રૂ. ૫૦૮૪નો મુદ્દામાલ મળી આવતા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.આ અંગે અંજાર પોલીસ મથકેથી કંડલા એરપોર્ટ ખાતે સિક્યુરિટીમાં ફરજ બજાવતા મહેન્દ્ર લીલાભાઈ રાઠોડની ફરિયાદને ટાંકીને મળતી માહિતી મુજબ તા. ૧૩/૧૧ના બપોરે ૩ વાગ્યે સ્પાઈસ જેટની દિલ્હી ફલાઈટના પેસેન્જર ગાજીયાબાદ, ઉત્તરપ્રદેશના રહેવાસી જૈન વિભોર પ્રમોદ પાસે ૩ બેગ હતી.

જેનું વજન વધી જતાં અને વધારાના લગેજના પૈસા ભરવાનું કહેતા તે રૂ. ૨૦૦૦ના કિંમતની કાળા કલરની બેગ છોડી અને સ્પાઈસ જેટના કર્મચારીને આ બેગ મારો માણસ લઈ જશે તેવું કહી દિલ્હીની ફલાઈટમાં ચાલ્યો ગયો હતો. જેથી બેગની તપાસ કરતા તે બેગ માંથી રૂ. ૨૫૦૦ના કિંમતની જોની વોકર સ્કોચ મળી આવી હતી. ઉપરાંત રૂ. ૫૦૦ના કિંમતની કોસ્મેટિક આઈટમો, રૂ. ૫૯ રોકડ તેમજ અન્ય આઈટમો મળી કુલ રૂ. ૫૦૮૪નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જે અંગે અંજાર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028